Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૧૮–૦૫–૨૦૨૧**

સિન્ડિકેટની સામાન્ય સભા, મંગળવાર, તા.૧૮–૦૫–૨૦૨૧ના રોજ બપોરેઃ ૦૧–૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન / ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૧૮–૦૫–૨૦૨૧ |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા ( માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | VACANT (માનનીય ઉપકુલપતિશ્રી) | ----- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ.<br>આ.ડૉ.વિજય ધિમન, ડૉ.એસ. એન્ડ એસ. એસ. ગાંધી ગર્વમેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, સુરત. | ઓનલાઈન હાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | ગેરહાજર |
| ૭. | આ.ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | ગેરહાજર |
| ૮. | ડૉ.મહિડા મહેન્દ્રસિંહ ભરતસિંહ | ઓનલાઈન હાજર |
| ૯. | ડૉ.રાકેશ નટવરલાલ દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૧૦. | ડૉ. ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૧. | ડૉ. ખરચિયા કશ્યપસિંહ પ્રવિણસિંહ | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૧૩. | શ્રી જયરામ ગામિત | ઓનલાઈન હાજર |
| ૧૪. | શ્રી કિરણભાઈ ઘોઘારી (એડવોકેટ ) | હાજર |

**સભાની શરૂઆત થતાં પહેલા યુનિવર્સિટી સંલગ્ન પટેલ રમણ બ્રધર્સ આર્ટસ એન્ડ પટેલ ગોપાલભાઈ રણછોડજી કોમર્સ કોલેજ, બારડોલીના આચાર્યશ્રી ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલના દુ:ખદ અવસાન પ્રતિ શોક પ્રગટ કરી, સૌએ ઉભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું અને દિવંગતને શ્રધ્ધાંજલી આપી હતી.**

૧. સિન્ડિકેટની તા.૧૨–૦૩ –૨૦૨૦ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૨–૦૩–૨૦૨૧ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને યથાવત મંજૂર કરવામાં આવે છે.**

૨. સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને યથાવત મંજૂર કરવામાં આવે છે.**

૩. સિન્ડિકેટની તા.૦૪–૦૫–૨૦૨૧ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૦૪–૦૫–૨૦૨૧ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધને યથાવત મંજૂર કરવામાં આવે છે.**

૪. **જે. ઝેડ. શાહ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી–સુરતના આચાર્યશ્રીના** અન્ય રાજયમાં દરેક પી.જી. ગાઈડ ધરાવતી પી.જી. કોલેજોને રિસર્ચ સેન્ટર તરીકે માન્યતા આપવામાં આવે છે. જેથી NAAC એક્રેડિએશન વખતે ગુણાંકન મળે અને NIRF, GSIRF વગેરે સંસ્થાઓના મૂલ્યાંકનમાં પણ કોલેજોને માર્કસ મળી શકે તેમજ સ્ટાર્ટ અપ જેવા કિસ્સાઓમાં જરૂરી કાર્યવાહી માં મદદરૂપ થાય છે. તે જ રીતે આપણી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનમાં પીએચ.ડી ગાઈડ હોય તેવા પી.જી. સેન્ટરોને રિસર્ચ સેન્ટર તરીકે યુનિવર્સિટી દ્વારા માન્યતા આપવા અંગેની પ્રક્રિયા કરવા અંગેના **તા.૦૨–૦૩–૨૦૨૧ના પત્રથી કરેલ વિનંતીનો એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૩૪) અન્વયે સૈધ્ધાંતિક સ્વીકાર કરવા તથા તે અંગેની યોગ્ય વૈધાનિક પ્રક્રિયા નિર્ધારીત કરવા સિન્ડિકેટ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....**

<u>**એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૩–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૪)**</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે. ઝેડ. શાહ આર્ટસ્ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી–સુરતના આચાર્યશ્રી વિનંતીનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો તથા તે અંગેની યોગ્ય વૈધાનિક પ્રક્રિયા નિર્ધારીત કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**(સિન્ડિકેટ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૩–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૪)થી કરેલ ઉપરોકત ભલામણનો સૈધ્ધાતિક સ્વીકાર કરી કઈ સંસ્થાને સેન્ટર આપવું તે અંગેના ધારાધોરણો નકકી કરવા અને તે માટે કમિટિની રચના કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી. અને ધારાધોરણો સિન્ડિકેટ દ્વારા મંજૂર થયા બાદ તે ધારાધોરણો પ્રમાણે રસ ધરાવતી સંબધિત કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો પાસેથી અરજીઓ મંગાવવી.**

૫. એમ.બી.એ.(ઈવનીંગ) પ્રોગ્રામમાં Eligibility Criteria માં ફેરફાર કરવા બાબતે ચર્ચા કરતા બીઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની તા.૦૬/૦૧/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ મેનેજમેન્ટ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ મેનેજમેન્ટ વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૦૯/૦૩/ ૨૦૨૧ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૦ અન્વયે નીચે મુજબ સન્ડિકેટને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

<u>**બીઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની તા.૦૬/૦૧/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨**</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનાર એમ.બી.એ. (ઈવનીંગ)પ્રોગ્રામમાં આ સાથે સામેલ સુધારેલ Eligibility Criteria સ્વીકારી તે મંજૂર કરવા મેનેજમેન્ટ વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૦૯/૦૩/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૦**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બીઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસસમિતિની તા.૦૬/૦૧/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ અન્વયે ભલામણ કરેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં આવનાર એમ.બી.એ. (ઈવનીંગ)પ્રોગ્રામમાં સુધારેલ Eligibility Criteria મેનેજમેન્ટ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મેનેજમેન્ટ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારેલ તે મંજૂર કરવામાં આવે છે અને તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**(એકેડેમિક)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૩–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૦)થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરવામાં આવે છે.**

૬. Vocational Education Courses/Programe અંગેના MOU પર વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલે તેની તા.૦૯/૦૩/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪૦ અન્વયે નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલ તા.૦૯/૦૩/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નોંધ લઈ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**(એકેડેમિક)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૩–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૪૦)થી કરેલ ભલામણ અંતર્ગત યુનિવર્સિટી ખાતે વિવિધ પ્રકારના વોકેશનલ કોર્ષ શરૂ કરવા સૈધ્ધાંતિક મંજુરી આપવી અને તેને અનુરૂપ વિવિધ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સાથે જરૂરી માહિતીની આપ લે કરી આગામી સમયમાં સદર બાબતને સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી અને આ અંગેની કાર્યવાહી માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૭. યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ જે માર્કશીટને આધારે પ્રવેશ મેળવે છે તે માર્કશીટ વાસ્તવમાં જે તે બોર્ડ અથવા યુનિવર્સિટી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે કે કેમ ? તે ચકાસવાની વ્યવસ્થા અંગે વિચારણા કરતા એકેડેમિક કાઉન્સિલે તેની તા.૦૯/૦૩/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨૭ અન્વયે નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

**નોંધ :–**

પ્રવર્તમાન વ્યવસ્થા અંતર્ગત પ્રવેશ આપનાર કોલેજ જે તે વિદ્યાર્થીની અસલ માર્કશીટની ચકાસણી કરે છે તેમજ સ્નાતક કક્ષાએ એનરોલમેન્ટ સમયે ધોરણ–૧૨ ની અસલ માર્કશીટ જમા લઈ યુનિવર્સિટી પર મોકલાવી યુનિવર્સિટી ખાતે તે પર એનરોલમેન્ટ થયા અંગેનો સિકકો મારવામાં આવે છે. જો કે વિદ્યાર્થીઓ જે માર્કશીટો રજૂ કરે તે માર્કશીટો જે તે બોર્ડ કે જે તે યુનિવર્સિટીના કાર્યાલયના રેકોર્ડ મુજબ બરાબર છે કે કેમ ? તથા વાસ્તવમાં આ માર્કશીટ જે તે બોર્ડ કે યુનિવર્સિટી એ જ ઈસ્યુ કરેલી છે કેમ ? તેવું વેરિફિકેશન જે તે બોર્ડ કે યુનિવર્સિટી પાસે કરાવવાની વ્યવસ્થા હાલ અમલમાં નથી.

**<u>એકેડેમિક કાઉન્સિલ તા.૦૯/૦૩/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે બોર્ડ કે યુનિવર્સિટી પાસે તમામ વિદ્યાર્થીઓની માર્કશીટ વેરીફાઈ કરાવવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી તેની ફી તથા વ્યવસ્થા અંગે યોગ્ય નિર્ણય કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**(એકેડેમિક)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૩–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૨૭)થી કરેલ ભલામણનો સ્વીકાર કરવામાં આવે છે અને વધુમાં ઠરાવવામાં આવે છે કે અન્ય બોર્ડ / યુનિવર્સિટી ના વિદ્યાર્થીની માર્કશીટનું વેરીફીકેશન જે તે સંસ્થા પાસેથી યુનિવર્સિટીએ કરાવવું અને તે માટે જરૂરી વહીવટી ખર્ચ અને જે તે યુનિવર્સિટીનો ચાર્જ રૂા.૫૦૦/– માર્કશીટ વેરીફીકેશન પેટે ચાર્જ લેવો તેમજ જે તે બોર્ડ / યુનિવર્સિટીનો વેરીફીકેશનનો ચાર્જ જો રૂા.૨૫૦/– થી વધુ હોય તો રૂા.૨૫૦/– થી વધુનો ચાર્જ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવો. તથા જો વેરીફીકેશન રીપોર્ટ નકારાત્મક મળેતો જે તે તબકકે વિદ્યાર્થીનો પ્રવેશ રદ્ કરવો.**

૮. યુનિવર્સિટી સંલગ્ન જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ ખાતે ચાલતા વિનયન વિદ્યાશાખા હેઠળના એમ.એ.–હોમસાયન્સ અભ્યાસની પ્રવેશપાત્રતા તરીકે વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ હોમ સાયન્સ વિષય સાથે ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવતો હોય વિજ્ઞાન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ હોમ સાયન્સ (બી.એસસી.–હોમસાયન્સ) વિષયમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને એમ.એ.– હોમસાયન્સ અભ્યાસમાં પ્રવેશ આપી શકાય કે કેમ તે બાબતે ડીનશ્રી, વિનયન વિદ્યાશાખાની તા.૩૦/૫/૨૦૧૯ના રોજની ભલામણ અન્વયે આર્ટસ ફેકલ્ટીની તા.૮/૨/૨૦૨૧ના રોજની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫) થી B.Sc. (Home Sciences) અને B.A. (Home Sciences) ના અભ્યાસક્રમ સમાન હોય તો તે સંજોગોમાં M.A. (Home Science) માટે પ્રવેશપાત્રતા ગણવા અંગેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૯/૩/૨૦૨૧ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૪૧)થી સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

<u>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખાની ભલામણ</u>

B.Sc. (Home Sciences) અને B.A. (Home Sciences) ના અભ્યાસક્રમમાં ઘણા સામ્યતા જોવા મળે છે. એ સંજોગોમાં M.A. (Home Science) માટે પ્રવેશપાત્રતા ગણી શકાય, પરંતુ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પદવીમાં વિદ્યાશાખા બદલાઈ છે. આ નીતિ વિષયક બાબત હોય ફેકલ્ટીમાં મૂકવા ભલામણ છે.

<u>આર્ટસ ફેકલ્ટીની તા.૮/૨/૨૦૨૧ના રોજની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫)</u>

આથી ઠરાવવામાં આવે છે કે, B.Sc. (Home Sciences) અને B.A. (Home Sciences) ના અભ્યાસક્રમ સમાન હોય તો તે સંજોગોમાં M.A. (Home Science) માટે પ્રવેશ પાત્ર ગણી શકાય એવી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૯/૩/૨૦૨૧ના રોજની સભાના ઠરાવ ક્રમાંકઃ (૪૧)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, B.Sc. (Home Science) અને B.A. (Home Sciences) ના અભ્યાસક્રમ સમાન હોય વિજ્ઞાન વિદ્યાશાામાં સ્નાતક કક્ષાએ હોમ સાયન્સ (બી.એસસી.– હોમસાયન્સ) વિષયમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને એમ.એ.–હોમસાયન્સ અભ્યાસમાં પ્રવેશ પાત્ર ગણવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**(અનુસ્નાતક)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૩–૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક (૪૧)થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત્ સ્વીકાર કરવો.**

૯. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ જયારે પરીણામ તૈયાર કરવામાં આવે છે ત્યારે જે તે વિષયના ચેરમેનશ્રીઓને ગ્રેસીગ માટે 87-B મુજબ વિદ્યાર્થીઓને લાભ આપવો કે ન આપવો એ અંગે એમને ટેલીફોનીક જાણ કરવામાં આવે છે. ગ્રેસીગ માટે ચેરમેનશ્રી હા પાડેતો વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે. અન્યથા નહી. 87-B મુજબ વિદ્યાર્થીઓને ૪ માર્કસનો ગ્રેસીગનો લાભ આપવામાં આવે છે.

ડીપાર્ટમેન્ટ ઓફ ફીજીકસ એમ.એસસી. સેમેસ્ટર–૪નુ પરીણામ તા.૦૧/૦૩/૨૦૨૧ના રોજ જાહેર કરવામાં આવ્યુ હતુ. જેમાં Atomic And Molecular Physics અને Laser and Laser Application વિષયના ચેરમેનશ્રીએ ગ્રેસીગનો લાભ ન આપતા વિદ્યાર્થીઓ જે તે વિષયમાં નપાસ થયા છે. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ખાતે અરજી કરેલ છે કે અમારુ છેલ્લુ વર્ષ હોય અમોને ગ્રેસીગનો લાભ આપવામાં આવેતો અમારુ પરીણામ પાસમાં જાહેર થશે અને અમારુ વર્ષ ન બગડે.

તા.૦૪/૦૩/૨૦૨૧ના રોજ સિંદે નેહાબેન દેવેન્દ્રભાઈની સાથે અન્ય બીજા ૦૨ વિદ્યાર્થીઓની અરજી મળેલ છે. જેના અનુસંધાને તા.૦૫/૦૩/૨૦૨૧ની કાર્યલયનોંધ રજુ કરવામાં કરવામાં આવી હતી જેમાં સદર બાબતને એકેડેમિક કાઉન્સિલમાં રજુ કરવા આદેશ મળ્યા હતા. તા.૦૯/૦૩/૨૦૨૧ના રોજ સદર બાબતને એકેડેમિક કાઉન્સિલમાં રજુ કરવામાં આવી હતી. જે અન્વયે તા.૦૯/૦૩/૨૦૨૧નો ઠરાવ નીચે મુજબ થયેલો છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે વિષયના ચેરમેનશ્રી પાસે પ્રસ્તુત કિસ્સામાં જરૂરી માહિતી મંગાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, **87-B** માં પણ **87-A** ની જેમ તમામ વિદ્યાર્થીઓને જરૂરી લાભ આપવા અંગેસિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**(પરીક્ષા (સાયન્સ ફેકલ્ટી))**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૯–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક થી  કરેલ ઉપરોકત ભલામણનો સ્વીકાર કરવો. અને ગ્રેસિંગના નિયમો 87-B માં ફેરફાર કરી તમામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને પરિક્ષામાં ગ્રેસિંગ માર્કસ તરીકે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી 87-B નો લાભ યુનિવર્સિટીએ સીધો આપવો. અને માર્કશીટમાં વિદ્યાર્થીએ મેળવેલા મુળ ગુણથી વધારાના મેળવેલ ગ્રેસિંગ ગુણનો નિશાની કરી દર્શાવવા. અને તેવા વધારાના ગ્રેસિંગ ગુણને કુલ ગુણમાં ઉમેરવા નહિ.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફેરફાર યોગ્ય હોય તેવા નિયમો અને ઘારા ધોરણોમાં સુધારા વધારા માટે પ્રક્રિયા હાથ ધરવી.**

૧૦. ધી માંડવી એજયુકેશન સોસાયટી, બસ સ્ટેન્ડની પાસે, મુ.પો.માંડવી, જિઃ સુરત સંચાલિત (૧) ધી માંડવી એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) (૨) ધી માંડવી એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન (બીસીએ) અને (૩) ધી માંડવી એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ સાયન્સ(બી.એસસી.(કેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી અને મેથ્સ) અને એમ.એસસી.) આ ત્રણે કોલેજો શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૦૨૧થી ધી માંડવી એજયુકેશન સોસાયટી બી.બી.એ., બી.સી.એ. અને સાયન્સ કોલેજ, માંડવીના નામ હેઠળ મર્જર કરવા અંગે સદર કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૩૦–૯–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ MES/BSc/EXAM-369/2019થી કરેલ વિનંતી પર વિચારણા કરી સિન્ડિકેટની તા.૨૧–૦૯–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૮) અન્વયે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ધી માંડવી એજયુકેશન સોસાયટી, બસ સ્ટેન્ડની પાસે, મુ.પો.માંડવી, જિઃ સુરત સંચાલિત (૧) ધી માંડવી એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) (૨) ધી માંડવી એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન (બીસીએ) અને (૩) ધી માંડવી એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ સાયન્સ(બી.એસસી.(કેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી અને મેથ્સ) અને એમ.એસસી.) આ ત્રણે કોલેજો શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૦૨૧થી ધી માંડવી એજયુકેશન સોસાયટી બી.બી.એ., બી.સી.એ. અને સાયન્સ કોલેજ, માંડવીના નામ હેઠળ મર્જર કરવા અંગે સદર કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૩૦–૯–૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ MES/BSc/EXAM-369/2019થી કરેલ વિનંતી પર વિચારણા કરી સિન્ડિકેટની તા.૨૧–૦૯–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૮) અન્વયે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલનો સ્વીકાર કરી એલ.આઈ.સીની શરતોની પુર્તતાને આધિન અને યુનિવર્સિટીના મર્જરના નિયમોને આધિન મંજુરી આપવી.**

૧૧. યુનિવર્સિટી ખાતે રિસર્ચ,પ્રોજેક્ટ, ટેસ્ટિંગપ્રોજેક્ટ, અને કન્સલ્ટન્સી પ્રોજેકટ અંગેની ગાઈડલાઈન અને રૂલ્સ પર વિચારણા કરવા બાબત...

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે રિસર્ચ,પ્રોજેક્ટ, ટેસ્ટિંગપ્રોજેક્ટ, અને કન્સલ્ટન્સી પ્રોજેકટ અંગેની ગાઈડલાઈન અને રૂલ્સનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને આનુસાંગિક તમામ પ્રકારના પ્રોજેકટ અને ગ્રાન્ટનું સંકલન કરવા માટેની જરૂરી વ્યવસ્થા ઉભી કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(પરિશિષ્ટઃ 'ક')**

૧૨. ર્ડા. ભાવેશ મહેન્દ્રભાઈ મોદી, આસિ. પ્રોફેસર, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા એજયુકેશન ફેકલ્ટીનાં એજયુકેશન વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અરજી કરેલ છે. જે સંદર્ભમાં નીચેની વિગત અવલોકનમાં લેવા વિનંતી...

(૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્ર ક્રમાંકઃ GAD/GIA/Estt/T/ Appoint/ 11710/ 20174 તા.૩૦–૦૬–૨૦૧૭ થી આસિ. પ્રોફેસર તરીકે નિમણૂંક કરેલ છે.

(૨) ર્ડા. ભાવેશ મહેન્દ્રભાઈ મોદી ગુજરાત યુનિવર્સિટીમા પીએચ.ડી. ગાઈડ તરીકેની માન્યતા વર્ષ ૨૦૧૩ થી ધરાવતા હતા.

(૩) તેમના માર્ગદર્શન હેઠળ ૪ (ચાર) સંશોધનાર્થીઓએ પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કરેલ છે.અરજીમાં જણાવ્યા મુજબ હાલમાં તેમના માર્ગદર્શન હેઠળ કોઈપણ સંશોધનાર્થી કાર્યરત નથી.

ઉપરોકત વિગત ધ્યાને લેતા સમકક્ષ કિસ્સામાંની તા.૨૦/૧૦/૨૦ના રોજની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૪) અન્વયે અન્ય યુનિવર્સિટીના માર્ગદર્શક શિક્ષકની માન્યતા નીચે મુજબના ઠરાવ્યાનુસાર મંજુરી આપવા ઠરાવેલ છે.જે ધ્યાને લેતા ઉપરોકત વિગતો મુજબ તેમની ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી. માર્ગદર્શક તરીકેની માન્યતા સાથે તે ગુજરાત યુનિવર્સિટીમાં કોઈપણ સંશોધનાર્થી કાર્યરત ન હોય પીએચ.ડી. માર્ગદર્શક તરીકેની માન્યતાની કાર્યવાહી BUT વતી મંજુર કરીને AC ભલામણ કરેલ હોય, એકેડેમિક કાઉન્સિલના તા.૯/૩/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૫) અન્વયે નીચે મુજબ ઠરાવી ઈ.ચા.માન.કુલપતિશ્રીને સતા આપવામાં આવેલ હોય, જે અન્વયે ઈ.ચા.માન.કુલપતિશ્રી દ્વારા એકેડેમિક કાઉન્સિલ વતી શિક્ષણ વિષયમાં પીએચ.ડી. સુપરવાઇઝીગ ટીચરની માન્યતા આપવાની ર્ડા. ભાવેશ મહેન્દ્રભાઈ મોદીની વિનંતી મંજુર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ છે જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>BUT ની તા.૨૦–૧૦–૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૪)</u>

આથી ઠરાવવામાં આવે છે કે, ર્ડા.વિશ્વનાથ પટેલ, શેઠ પી.ટી.મહિલા કોલેજ ઓફ આર્ટસ, સુરતના ગુજરાતી વિષયમાં પીએચ.ડી. સુપરવાઈઝીગ ટીચરની માન્યતાની અરજી તેમના માર્ગદર્શન હેઠળ ભાવનગર યુનિવર્સિટીના સંશોધનાર્થીઓને યુ.જી.સી. અને રાજય સરકારની માર્ગદર્શકિા મુજબ સંશોભન અભ્યાસના ગાઈડ તરીકે માર્ગદર્શન આપવામાંથી મુકત કર્યાના બાહેધરી પત્ર રજુ કર્યેથી ગુજરાતી વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાની કાર્યવાહી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલના તા.૯/૩/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૫)</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે માનનીય ઈ.ચા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના તા.૯/૩/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક (૧૫)થી કરેલ ઉપરોકત ભલામણ અંતર્ગત આવા પ્રકારના પ્રશ્નોનું ધારા ધોરણ નકકી કરવા માટે પુનઃવિચારણા કરવા માટે બી.યુ.ટીમાં બાબત રજુ કરવી.**

૧૩. યુનિવર્સિટીના સ્ટેટયુટ 162 અન્વયે બોર્ડ ફોર હોસ્ટેલની નીચે મુજબની કરવામાં અવેલ જોગવાઈ અંતર્ગત સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

<u>સ્ટેટયુટ 162:-</u>

1. The Vice – Chancellor;
2. The Pro-Vice-Chancellor3;
3. **Three Principals of affiliated Colleges, one from the city of Surat and One from every district in the University area, nominated by the Syndicate;**
4. **Three Superintendents or Rectors of Hostels of whom at least one shell be a Lady Superintendent (with not less than 50 resident students) of affiliated colleges other than those from which the Principals are nominated, but nominated by the Syndicate in the same manner as shown in (3) above;**
5. Three Hostel Students, preferably student superintendents, nominated by the Vice-Chancellor in a manner specified in (3) above, of whom

   at least one shall be a woman student, nominated by the Vice-Chancellor;
6. Two students of the University Hostels, nominated by the Vice-Chancellor of whom one shall be a woman;
7. **One Syndicate member to be nominated by the Syndicate;**
8. One representative of the Faculty of Madicine and another of the Faculty of Technology, preferably a Public Health Engineer to be nominated by the Deans of the respectiveFaculties;
9. The Medical Officer of the University, if any;
10. The Director of Physical Education of the University;
11. The Director of Student Welfare or the Senior Superintendent of Rector of UniversityHostels (Member-Secretary)

<u>સ્ટેટયુટ163 </u>:-

1. Students, who shall be nominated for one year only; provided, however, that a member shall cease to be a member of the Board on his ceasing to hold the office by veertue of which he becomes a member of the Board.
2. Any casual vacancy caused by death, resignation or otherwise shall be filled up in the same manner in which it is filled up at the time constituting or reconstituting the Board.

(ગર્લ્સ/ બોયઝ હોસ્ટેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સ્ટેટયુટ ૧૬૨ અન્વે બોર્ડ ફોર હોસ્ટેલની ઉપરોકત મુજબની કરવામાં આવેલ જોગવાઈ અંતર્ગત સભ્યોની નિમણુંક કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી. અને બોર્ડ ફોર હોસ્ટેલની નિમણૂંક થયેથી સિન્ડિકેટને જાણ માટે આગામી સભામાં રજુ કરવી.**

૧૪. શ્રી નવચેતન યુવક મંડળ, મુ.પો. કાંગવી, તા.ધરમપુર, જિઃ વલસાડ સંચાલિત શ્રી વેસ્તાભાઈ એચ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન(ગર્લ્સ), ધરમપુર, કરંજવેરી, વાંસદા રોડ, જિઃવલસાડના પ્રમુખશ્રીએ તેમના તા.૧૮–૩–૨૦૨૧ના પત્ર થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. માટે જમા કરાવેલ ફિકસ ડિપોઝિટની રસીદ પરત આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**(નોંધ** : (૧) સિન્ડિકેટની તા.૫–૫–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૧) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૮–૦૪–૨૦૧૭ની ભલામણ ને ધ્યાનમાં લઈને તથા આ કોલેજના અગાઉના વર્ષો દરમ્યાનની જોડાણની શરતોના પરિપાલનમાં રહેલી ક્ષતિઓ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭ –૧૮ની યુનિવર્સિટી દ્વારા નિયુકત સ્થાનિક તપાસ સમિતિના રીપોર્ટમાં ગત વર્ષો દરમ્યાન કોલેજ જે રીતે ચાલી હતી અને જે ગંભીર ક્ષતિઓ જણાય છે તે સંદર્ભમાં સંચાલક મંડળને આ કોલેજ બંધ કેમ નહિં કરવી તે અંગેની કારણદર્શક નોટિસ આપવી તથા અત્યારે જે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો છે તે વિદ્યાર્થીઓને તેમની પસંદગીને ધ્યાનમાં લઈને અન્ય કોલેજોમાં તબદીલ કરવા. તથા કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માં પ્રવેશ ન ફાળવવાની જાણ કરવી.**

**વધુમાં આ કોલેજની માન્યતા તાત્કાલિક અસરથી રદ કરવા માટે એન.સી.ટી.ઈ.ને ભલામણ કરવી.**

(૨) સિન્ડિકેટના ઉપરોકત ઠરાવના આધારે યુનિવર્સિટી કાર્યાલયના તા.૯–૫–૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ એસ. એ. (કારણદર્શક)/(૧૭)/૭૯૨૨ થી કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે. અને કારણદર્શક નોટિસની સાથે બિડાણ તરીકે સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આપવામાં આવેલ હતો.

(૩) સિન્ડિકેટના ઠરાવ સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલયના તા.૯–૫–૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ SA/ NCTE / 7927/ 2017 થી જાણ કરવામાં આવેલ છે.

(૪) સદર કોલેજે તેમના તા.૩–૪–૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ ૧૦૭૮ થી મોકલેલ કારણદર્શક નોટિસનો જવાબ સિન્ડિકેટની તા.૩૦–૬–૨૦૧૭ની સભામા બાબત સ્વરૂપે રજૂ કરેલ હતો.

(૫) સિન્ડિકેટની તા.૩૦–૬–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૯) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત Withdraw કરવી.**

(૬) સદર કોલેજે સ્ટાફની ભરતી અંગે નામદાર હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર ૨૨૨૦૬/ ૨૦૧૯ થી પીટીશન દાખલ કરેલ હોય જેનો હાલ નિકાલ થયેલ નથી.

**(૭) સિન્ડિકેટની તા.૨/૮–૫–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૦૩)અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી વેસ્તાભાઈ એચ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન (ગર્લ્સ), ધરમપુર, કરંજવેરી, વાંસદા રોડ, જિઃવલસાડની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૧૦–૨૦૧૩ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ(૭૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૮–૦૪–૨૦૧૭ની ભલામણ ક્રમાંકઃ૧૦ થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરી સિન્ડિકેટે તેની તા.૫–૫–૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૧) અન્વયે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૮–૦૪–૨૦૧૭ની ભલામણ ને ધ્યાનમાં લઈને તથા આ કોલેજના અગાઉના વર્ષો દરમ્યાનની જોડાણની શરતોના પરિપાલનમાં રહેલી ક્ષતિઓ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ની યુનિવર્સિટી દ્વારા નિયુકત સ્થાનિક તપાસ સમિતિના રીપોર્ટમાં ગત વર્ષો દરમ્યાન કોલેજ જે રીતે ચાલી હતી અને જે ગંભીર ક્ષતિઓ જણાય છે તે સંદર્ભમાં સંચાલક મંડળને આ કોલેજ બંધ કેમ નહિં કરવી તે અંગેની કારણદર્શક નોટિસ આપવી. એમ ઠરાવેલ હોઈ, સદર કોલેજે તેમના તા.૩–૪–૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ 1078/2017થી કરેલ જવાબ સંદર્ભે યુનિવર્સિટીના અગાઉના નિર્ણયનો અમલ કરવો.

(૮) યુનિવર્સિટી કાર્યાલયએ તા.૧૮–૦૨–૨૦૨૦ના પત્રક્રમાંક : એસ–એ(ધરમપુર) (બી.એડ.) (૧૯)/ ૨૭૬૯ થી ટ્રસ્ટ દ્વારા સ્ટાફની ભરતી કરવા અંગે કરેલ વિનંતી ગ્રાહય રાખી શકાય તેમ નથી તથા યુનિવર્સિર્ટીના અધિકાર મંડળે પુખ્ત વિચારણાના અંતે નિર્ણય લીધેલ હોઈ, જેથી પુનઃ વિચારણાને અવકાશ નથી, એમ જાણ કરેલ છે.

**(૯) સિન્ડિકેટની તા.૮–૧૨–૨૦૨૦ની સભના ઠરાવ ક્રમાંકઃ (૦૯) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત WITHDRAW કરવી.**

**(૧૦)**સંસ્થાએ તેમના તા.૭–૧૦–૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ રૂબરૂ/જોડાણ–૨૦૨૦ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માં જોડાણ આપવા કરેલ વિનંતી સંદર્ભે યુનિવર્સિટી કાર્યાલયએ તા.૧૫–૦૧–૨૦૨૧ના પત્રક્રમાંક : એસ–એ(ધરમપુર) (બી.એડ.) (૨૧)/ ૮૧૦ થી ટ્રસ્ટ દ્વારા સ્ટાફની ભરતી કરવા અંગે કરેલ વિનંતી ગ્રાહય રાખી શકાય તેમ નથી તથા યુનિવર્સિર્ટીના અધિકાર મંડળે પુખ્ત વિચારણાના અંતે નિર્ણય લીધેલ હોઈ, જેથી પુનઃ વિચારણાને અવકાશ નથી, એમ જાણ કરેલ છે.

(૧૧) સંસ્થાના પત્રની નકલ બિડાણ તરીકે સામેલ છે. )

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી નવચેતન યુવક મંડળ, મુ.પો. કાંગવી, તા.ધરમપુર, જિઃ વલસાડ સંચાલિત શ્રી વેસ્તાભાઈ એચ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન(ગર્લ્સ), ધરમપુર, કરંજવેરી, વાંસદા રોડ, જિઃવલસાડના પ્રમુખશ્રીએ તેમના તા.૧૮–૩–૨૦૨૧ના પત્ર થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. માટે જમા કરાવેલ ફિકસ ડિપોઝિટની રસીદ પરત આપવા કરેલ વિનંતી સંદર્ભે કલોઝર ફી વિના કલોઝર સમિતિની નિયુકિત કરી અહેવાલ સિન્ડિકેટમાં રજુ કરવો.**

૧૫. યુનિવર્સિટી સંલગ્ન સાર્વજનિક કોલેજ ઓફ લો અને નારણલાલા લો કોલેજ ધ્વારા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના તા.૦૫/૦૨/૨૦૨૦ અને તા.૨૧/૧૧/૨૦૨૦ના પત્રોમાં કરેલ નિર્દેશ સામે નામદાર હાઈકોર્ટમાં ક્રમશઃ સ્પે.સિવિલ એપ્લીકેશન નં. ૩૦૪૫/૨૦૨૧ અને સ્પે.સિવિલ એપ્લીકેશન નં. ૪૩૩૫/૨૦૨૧ દાખલ કરેલ છે. નામદાર હાઈકોર્ટે આ સાથે સામેલ તા.૧૨/૦૨/૨૦૨૧ના રોજ ઓર્ડર/હુકમ કરી પેરા–૮ (સી) માટે વચગાળાની રાહત આપેલ છે. સદર પીટીશનના સંદર્ભમાં યુનિવર્સિટી તરફે વકીલ રોકવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ – પ્રસ્તુત પીટીશનની નકલ નામદાર હાઈકોર્ટ તરફથી અત્રેની કચેરીને મળેલ નથી. પ્રસ્તુત પીટીશનની આ સાથે સામેલ નકલ કોલેજ ધ્વારા અત્રેની કચેરીને મોકલેલ છે.

(લીગલ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સાર્વજનિક કોલેજ ઓફ લો અને નારણલાલા લો કોલેજ ધ્વારા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના તા.૦૫/૦૨/૨૦૨૦ અને તા.૨૧/૧૧/૨૦૨૦ના પત્રોમાં કરેલ નિર્દેશ સામે નામદાર હાઈકોર્ટમાં ક્રમશઃ સ્પે.સિવિલ એપ્લીકેશન નં. ૩૦૪૫/૨૦૨૧ અને સ્પે.સિવિલ એપ્લીકેશન નં. ૪૩૩૫/૨૦૨૧ દાખલ કરેલ છે. નામદાર હાઈકોર્ટે તા.૧૨/૦૨/૨૦૨૧ના રોજ ઓર્ડર/હુકમ કરી પેરા–૮ (સી) માટે વચગાળાની રાહત આપેલ છે. સદર પીટીશનના સંદર્ભમાં યુનિવર્સિટી તરફે વકીલ રોકવાની જરૂરીયાત જણાય તો વકીલ રોકવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૧૬. યુનિવર્સિટી ખાતે કરારીય ધોરણે કાર્યરત તમામ માસિક ફિકસ વેતન વાળા કર્મચારીઓના મહેનતાણાં અંગે સિન્ડિકેટની તા.૨૧/૦૯/૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૨ અન્વયે ઠરાવ નં. ૪૨, ૭૫ અને ૮૬ ની સંયુકત ચર્ચા વિચારણા સંદર્ભે વિચારણા કરવા સમિતિની રચના કરવામાં આવેલ હતી. જે નિયુકત સમિતિની સભા તા.૦૬–૧૧–૨૦૨૦ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે વહીવટી ભવન ખાતે મળી હતી જે સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.....

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે કરારીય ધોરણે કાર્યરત તમામ માસિક ફિકસ વેતન વાળા કર્મચારીઓના મહેનતાણાં અંગે સિન્ડિકેટની તા.૨૧/૦૯/૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૨ અન્વયે ઠરાવ નં. ૪૨, ૭૫ અને ૮૬ ની સંયુકત ચર્ચા વિચારણા સંદર્ભે વિચારણા કરવા સમિતિની રચના કરવામાં આવેલ હતી. જે નિયુકત સમિતિની સભા તા.૦૬–૧૧–૨૦૨૦ના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે વહીવટી ભવન ખાતે મળી હતી જે સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને મંજુર કરવી.**

૧૭. યુનિવર્સિટીની અંતિમ વર્ષની માર્કશીટમાં CGPA દર્શાવવામાં આવે છે. જેમાં અંતિમ વર્ષમાં બાહ્ય પરીક્ષાના ગુણો ધ્યાનમાં લેવામાં આવે છે એટલે કે પ્રથમ વર્ષ / દ્વિતિય વર્ષનાં એગ્રીગેટ ગુણ તેમજ તૃતિય વર્ષના આંતરિક ગુણ ધ્યાનમાં લેવાતા નથી. જેને કારણે આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે બરાબરી કરી શકતો નથી અને મેરીટ યાદીમાં પાછળ રહી જાય છે. આ સંજોગોમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને તૃતિય વર્ષની માર્કશીટમાં CGPA ઉપરાંત પ્રથમ અને દ્વિતિય વર્ષના કુલ ગુણના ટકાવારી તેમજ તૃતિય વર્ષના આંતરિક ગુણનો અમલ UG અને PG માં કરવા અંગે **એકેડેમિક કાઉન્સીલની <u>તા.૧૮–૧૨–૨૦૨૦</u> ની સભાના <u>ઠરાવ ક્રમાંકઃ ૫૭થી</u> (આ સાથે બિડેલ છે) સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

(પરીક્ષા (આર્ટસ ફેકલ્ટી))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની અંતિમ વર્ષની માર્કશીટમાં CGPA દર્શાવવામાં આવે છે. જેમાં અંતિમ વર્ષમાં બાહ્ય પરીક્ષાના ગુણો ધ્યાનમાં લેવામાં આવે છે એટલે કે પ્રથમ વર્ષ / દ્વિતિય વર્ષનાં એગ્રીગેટ ગુણ તેમજ તૃતિય વર્ષના આંતરિક ગુણ ધ્યાનમાં લેવાતા નથી. જેને કારણે આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે બરાબરી કરી શકતો નથી અને મેરીટ યાદીમાં પાછળ રહી જાય છે. આ સંજોગોમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને તૃતિય વર્ષની માર્કશીટમાં CGPA ઉપરાંત પ્રથમ અને દ્વિતિય વર્ષના કુલ ગુણના ટકાવારી તેમજ તૃતિય વર્ષના આંતરિક ગુણનો અમલ UG અને PG માં કરવા અંગે એકેડેમિક કાઉન્સીલની તા.૧૮–૧૨–૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૫૭થી સિન્ડિકેટને કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરવો.**

૧૮. કબીલપોર ચોવીસી વિભાગ કેળવણી મંડળ, ચોવીસી સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચોવીસી, તા.જિઃ નવસારીમાં ચાલતો બી.કોમ વિભાગ બંધ કરવાના નિર્ણય અંગે ફેર વિચારણા કરવા માટે સદર કોલેજના સેક્રેટરીએ અને આચાર્યશ્રીએ તા.૨૮–૧૨–૨૦૨૦ના પત્રક્રમાંક : CHOVISI College/ nvs/20/314 થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધઃ– (૧) <u>એકેડેમિક કાઉન્સિલની તા.૩૦–૬–૨૦૨૦ની સભાના ભલામણ ક્રમાંકઃ(૭૪) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર કોલેજનાં કોમર્સ વિભાગના રેગ્યુલર વિદ્યાર્થીઓ ટી.વાય. બી.કોમ. સેમે.–૫ નાં ૦૬ વિદ્યાર્થીઓને અન્ય સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં ટ્રાન્સફર આપવા તેમજ સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦–૨૧ થી પ્રવર્તમાન નિયમો અનુસાર બંધ કરવા માટે ઘટતી કાર્યવાહી કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(૨) <u>સિન્ડિકેટની તા.૨૧–૯–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૪) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૩૦–૦૬–૨૦૨૦ની ઉપરોકત ભલામણ ક્રમાંકઃ(૭૪)નો યથાવત સ્વીકાર કરવો.

(૩) સંસ્થાનો પત્ર આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કબીલપોર ચોવીસી વિભાગ કેળવણી મંડળ, ચોવીસી સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચોવીસી, તા.જિઃ નવસારીમાં ચાલતો બી.કોમ વિભાગ બંધ કરવાના નિર્ણય અંગે ફેર વિચારણા કરવા માટે સદર કોલેજના સેક્રેટરીએ અને આચાર્યશ્રીએ તા.૨૮–૧૨–૨૦૨૦ના પત્રક્રમાંક : CHOVISI College/ nvs/20/314 થી કરેલ વિનંતીને ગ્રાહય રાખવામાં આવતી નથી.**

૧૯. Internal Quality Assurance Cell (IQAC) ની તા.૧૨/૧૧/૨૦૨૦ અને તા.૨૮/૧૨/૨૦૨૦ના રોજ મળેલ સભાની કાર્યવાહી અને કાર્યવાહી અન્વયે યુનિવર્સિટીનાં વિવિધ વિભાગોનાં અધ્યાપકોની UGC નાં CAS હેઠળ પ્રમોશન માટે વિવિધ સ્ટેજની અરજીઓની સ્ક્રુટીની સંદર્ભે સ્ક્રુટીની સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(આઈ.કયુ.એ.સી./યુ.જી.સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Internal Quality Assurance Cell (IQAC) ની તા.૧૨/૧૧/૨૦૨૦ અને તા.૨૮/૧૨/ ૨૦૨૦ના રોજ મળેલ સભાની કાર્યવાહી અને કાર્યવાહી અન્વયે યુનિવર્સિટીનાં વિવિધ વિભાગોનાં અધ્યાપકોની UGC નાં CAS હેઠળ પ્રમોશન માટે વિવિધ સ્ટેજની અરજીઓની સ્ક્રુટીની સંદર્ભે સ્ક્રુટીની સમિતિના અહેવાલનો યથાવત સ્વીકાર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટઃ 'ખ')**

૨૦. Internal Quality Assurance Cell (IQAC) ની તા.૨૩/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.
બિડાણ : ઉપર મુજબ.

(આઈ.કયુ.એ.સી./યુ.જી.સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Internal Quality Assurance Cell (IQAC) ની તા.૨૩/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ સભાની કાર્યવાહીનો યથાવત સ્વીકાર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટઃ 'ગ')**

૨૧. યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત ધોરણે લીગલ ઓફિસરની નિમણૂંક અંગે સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૮૪ મુજબ વખતો વખત જાહેરાત આપવા છતા લીગલ ઓફિસરની જગ્યા માટે નકકી કરેલ લાયકાત–ધોરણો અનુસાર કોઈ પણ ઉમેદવાર ઈન્ટરવ્યુ માટે એલજીબલ ન થતા ફરી લીગલ ઓફિસરની જગ્યા માટે નકકી કરવામાં આવેલ લાયકાત–ધોરણોમાં જરૂરી સુધારા વધારા કરવા અંગે મા.ઈ.ચા.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરવામાં આવેલ હતી.જે સમિતિની સભા તા.૨૮/૦૧/૨૦૨૧ના રોજ બપોરે ૧:૩૦ કલાકે, વહીવટી ભવન ખાતે મળેલ જેમાં સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી પર વિચારણા કરવા બાબત......

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે ૧૧ માસ કરાર આધારીત ધોરણે લીગલ ઓફિસરની નિમણૂંક અંગે સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૮૪ મુજબ વખતો વખત જાહેરાત આપવા છતા લીગલ ઓફિસરની જગ્યા માટે નકકી કરેલ લાયકાત–ધોરણો અનુસાર કોઈ પણ ઉમેદવાર ઈન્ટરવ્યુ માટે એલજીબલ ન થતા ફરી લીગલ ઓફિસરની જગ્યા માટે નકકી કરવામાં આવેલ લાયકાત–ધોરણોમાં જરૂરી સુધારા વધારા કરવા અંગે મા.ઈ.ચા.કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના કરવામાં આવેલ હતી.જે સમિતિની સભા તા.૨૮/૦૧/૨૦૨૧ના રોજ બપોરે ૧:૩૦ કલાકે, વહીવટી ભવન ખાતે મળેલ જેમાં સમિતિ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને મંજુર કરવી.**

૨૨. યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૯માં SSIP હેઠળ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે ગ્રાન્ટ રાજય સરકાર દ્વારા મળેલ છે. જેમાં Patent માટે IPR હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, જે માટે Patentની ગાઈડ લાઈન અને પોલીસી ડ્રાફટ આ સાથે તૈયાર કરેલ છે. જે અંગે ચચા–વિચારણા કરવા બાબત.

( SSIP)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૯માં SSIP હેઠળ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે ગ્રાન્ટ રાજય સરકાર દ્વારા મળેલ છે. જેમાં Patent માટે IPR હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, જે માટે Patentની ગાઈડલાઈન અને પોલીસી ડ્રાફટ તૈયાર કરેલ છે તેને મંજુર કરવી.**

**(પરિશિષ્ટ: 'ઘ')**

૨૩. વિવિધ પરીક્ષાઓમાં વિધાર્થીઓના સેમેસ્ટર – ૧ અને ૩ ના પરીણામમાં નાપાસ થવાને કારણે વિધાર્થી પાછળથી પરીક્ષા પાસ કરે છે. જેના કારણે વિદ્યાર્થીઓની બીજા તેમજ ચોથા સેમેસ્ટરમાં અગાઉના સેમેસ્ટરની રીમાર્કસ ન આવવાને કારણે પરીણામ એ.ટી.કે.ટી. અથવા નાપાસમાં જાહેર કરવામાં આવે છે. તેમજ વિદ્યાર્થીઓની માર્કશીટમાં અગાઉના સેમેસ્ટરની રીમાર્કસ ન આવવાને કારણે શીષ્યવૃતિના આવેદનપત્ર ભરી શકાતા નથી જેને કારણે વિદ્યાર્થીઓ માર્કસીટમાં અગાઉના સેમેસ્ટરની રીમાર્કસ લઈ પરીણામમાં સુધારો કરવાનુ જણાવે છે. (અરજીઓ સામેલ છે.) યુનિવસિર્ટી તરફથી કોલેજોને જાણ કરવામાં આવેલ હતી કે પરીપત્ર ક્રમાંક Exam/A/7917/2014 Date: 4/8/2014 મુજબ પરીણામમાં કોઈ ભુલ નથી. છતા પણ કોલેજ તેમજ વિદ્યાર્થીઓ તરફથી અરજી મળે છે.

- હાલ સેકન્ડ તથા ફોર્થ સેમેસ્ટરની માર્કશીટમાં Pass/Fail/First/First Dist./Second class YGPA અનુસાર આપવામાં આવે છે તથા અગાઉના સેમેસ્ટર અનુસાર ATKT આપવામાં આવે છે.
- એકેડમીકવિભાગના ઠરાવ મુજબ CGPA ની ગણતરી બધા સેમેસ્ટર પર કરવાની હોય પ્રથમ તથા દ્વિતિય વર્ષમાં YGPA/CLASS ની જગ્યાએ જો સેકન્ડ તથા ફોર્થ સેમેસ્ટરમાં ફકત Pass/Fail રીઝલ્ટ આપવામાં આવે તો ઉપરની સમસ્યાનો ઉકેલ આવી શકે તથા ફોર્મવીર્ડો સિવાયના વિધાર્થીને અગાઉના સેમેસ્ટરમાં પ્રવેશ મળી શકે.
- હાલની જેમ પાંચમા સેમેસ્ટરના પ્રવેશ માટે પ્રથમ વર્ષ પાસ ન હોય તો સેમેસ્ટર – ૪ માં W.0.165 માં રીઝલ્ટ રોકી શકાય. તથા છઠા સેમેસ્ટરમાં વિધાર્થીને CGPA/CLASS આપવાનો થાય છે.
- સ્નાતકની જેમ અનુસ્નાતક કક્ષાએ પણ ઉપર મુજબ કરવાનું થાય.

તા.૧૪/૧૨/૨૦૨૦ના રોજ કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ એન્ડ પ્રોફેસનલ સ્ટડીઝના ઈ.ચા.આચાર્યશ્રીની અરજી મળેલ છે. જેના અનુસંધાને તા.૨૩/૧૨/૨૦૨૦ અને તા.૧૯/૦૧/૨૦૨૧ની કાર્યલયનોંધ રજુ કરવામાં કરવામાં આવી હતી જેમાં સદર બાબતને એકેડેમિક કાઉન્સિલ માં રજુ કરવા આદેશ મળ્યા હતા.તા.૦૯/૦૩/૨૦૨૧ના રોજ સદર બાબતને એકેડેમિક કાઉન્સિલ માં રજુ કરવામાં આવી હતી. જે અન્વયે તા. ૦૯/૦૩/૨૦૨૧ નો ઠરાવ નીચે મુજબ થયેલો છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) CGPA ની ગણતરી બધા સેમેસ્ટર પર કરવાની હોય પ્રથમ તથા દ્વિતિય વર્ષમાં YGPA/ CLASS ની જગ્યાએ સેકેન્ડ તથા ફોર્થ સેમેસ્ટરમાં ફક્ત સેમેસ્ટર પૂરતું PASS/FAIL રીઝલ્ટ આપવુ તથા FROM WITHDRAWN સિવાય અગાઉના સેમેસ્ટરમાં પ્રવેશ આપવો.

(૨) હાલની જેમ પાંચમાં સેમેસ્ટરમાં પ્રવેશ માટે પ્રથમ વર્ષ પાસ ન હોય તો સેમેસ્ટર–૪માં W.O.165 માં રીઝલ્ટ રોકવુ. તથા છઠ્ઠા સેમેસ્ટરમાં CGPA/CLASS આપવો.

(૩) સ્નાતક ની જેમ અનુસ્નાતક કક્ષાએ પણ ઉપર મુજબ કરવાનુ થાય.

(૪) જ્યાં અપેક્ષ બોડી/Professional Council ના નિયમ લાગુ પડતા ન હોય તેવા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે સેમેસ્ટર ૧ અને ૩ તથા સેમેસ્ટર ૨ અને ૪ ની યુનિવર્સિટી પરીક્ષા વર્ષમાં એક જ વાર લેવાની રહશે.

ઉપરોક્ત ઠરાવ અંગે સિન્ડીકેટને ભલામણ કરવામાં આવે છે.

(પરીક્ષા (સાયન્સ ફેકલ્ટી))

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૦૯/૦૩/૨૦૨૧ની ઉપરોક્ત ભલામણને એકેડેમિક કાઉન્સિલને રીફરબેક કરવી.**

૨૪. Guj Info Petro Limited, Gandhinagar નો Ref:GIPL/ CEO/ VNSGU/ Feb21/1402, dt.06/02/2021 તથા Ref:GIPL/CEO/VNSGU/Mar21/1517, dt.12/ 03/ 2021 ના પત્રથી માસિક સ્થિતીનો રજૂ કરેલ અહેવાલ તેમજ GIPL દ્વારા Software Development (For University Management System 1st Semister Billing : 3rd Year) કરવામાં આવતા તેમના દ્વારા બીલ નં.INV20200355 થી રૂા.૭૮,૮૫,૩૫૦/– (CGST/SGST સહિત) નું બીલ રજૂ કરતા સદર બાબતે બીલની પૂતર્તા કરી અહેવાલ રજૂ કરવા સમિતિના સભ્યોને પત્રો રીફર કરતા સદર બાબતે સમિતિના સભ્યોનો તા.૨૬/૦૩/૨૦૨૧ ના રોજ તૈયાર કરેલ રીપોર્ટ અતંર્ગત GIPL એ રજૂ કરેલ બીલની રકમ રૂા.૭૮,૮૫,૩૫૦/– ચૂકવણી અંગે વિચારણા કરવા.

વધુમાં GIPL દ્વારા રજૂ કરેલ બીલો અંતર્ગત બાકી રહેલ રકમ રૂા.૧,૬૮,૭૪,૦૦૦/– ચૂકવણી અંગે સિન્ડિકેટ તા.૦૮/૧૨/૨૦૨૦ની સભાનો ઠરાવ ક્રમાંકઃ૪૭ ના ઠરાવ મુજબ GIPL ને બાકી રકમના ૫૦% ચૂકવણી કરવા ઠરાવતા GIPL ને રૂા.૧,૬૮,૭૪,૦૦૦/– રકમ માંથી હિસાબી વિભાગ દ્વારા ૫૦% ચૂકવણી કરી દેવામાં આવેલ છે. જેથી બાકી રહેલ ૫૦% (રૂા.૮૪,૩૭,૦૦૦/–) તથા GIPL એ રજૂ કરેલ બીલની રકમ રૂા.૭૮,૮૫,૩૫૦/– આમ કુલ રકમ (૮૪,૩૭,૦૦૦+ ૭૮,૮૫,૩૫૦) **રૂા.૧,૬૩,૨૨,૩૫૦/–** GIPL ને ચુકવણી અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, Guj Info Petro Limited, Gandhinagar ની સેવામાં યુનિવર્સિટીને અસંતોષની સ્થિતિ છે. તેઓને વારંવાર સૂચના આપવા છતાં સેવામાં સુધારો થતો નથી જેથી યુનિવર્સિટી સતત ચાલતી પ્રક્રિયામાં અવરોધ ઉભો થાય છે. તેમ છતાં તેમને હાલ રૂા. ૯,૦૦,૦૦૦/– ચૂકવણી કરવી અને આગામી સિન્ડિકેટ સભા સમક્ષ તેઓના જવાબદાર અધિકારીને હાજર રાખવા અને નકકી થયેલ શરતો પ્રમાણે કામગીરી સંતોષજનક રીતે પૂરી થતા બીજા બીલની ચૂકવણી અંગેનો નિર્ણય કરવામાં આવશે.**

૨૫. યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં નિમણૂંક પામેલા નીચે દર્શાવેલ શૈક્ષણિક કર્મચારીઓને આપવામાં આવેલ નિમણૂંકના સંદર્ભમાં બે વર્ષનો અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પુરો થતો હોઈ તેઓને નોકરીમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| **Sr. No.** | Name of Teacher | Designation | S.F. Programme | Joining Date | 2 Yrs. Probation completed | L.W.P. During Probation Period | Date of Confirmation (After L.W.P.) |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Dr. Dharmesh Rameshbhai Juremalani | Professor | B.Arch. | 07-03-2019 | 06-03-2021 | 00 | 07-03-2021 (Sunday) 08-03-2021 |
| 2. | Kapadia Anand Vijaybhai | Associate Professor | B.Arch. | 07-03-2019 | 06-03-2021 | 02 (30/12/2020 to 31/12/2020) | 09-03-2021 |
| 3. | Birva Hemal Gandhi | Associate Professor | B.Arch. | 07-03-2019 | 06-03-2021 | 04 (11/01/2020& 18/01/2021 to 20/01/2021) | 11-03-2021 (Public Holiday) 12-03-2021 |
| 4. | Dr.Yashodhara Alpesh Bhatt | Assistant Professor | Law (B.com LL.B.) | 22-02-2019 | 21-02-2021 | 00 | 22-02-2021 |
| 5. | Monika Dilipkumar Brahmbhatt | Assistant Professor | Law (B.com LL.B.) | 27-02-2019 | 26-02-2021 | 14 (30/01/2020 to 12/02/2020) | 13-03-2021 |

<u>નોંધ :-</u>

(૧) ઉપરોકત તમામ શિક્ષકોના ખાનગી અહેવાલ સભાના સમયે રજૂ કરવામાં આવશે.

(૨) જે તે શિક્ષકો દ્વારા બિનપગારી રજા ભોગવવામાં આવેલ છે, તેઓના કિસ્સામાં કાયમ કરવાની તારીખમાં બે વર્ષ ઉપરાંત બિનપગારી રજાના દિવસો ગણતરીમાં લઈ તારીખ નિયત કરવામાં આવેલ છે.જે કિસ્સામાં જાહેર રજાના દિવસે કાયમ કરવાની તારીખ આવતી હોય તેવા કિસ્સામાં જાહેર રજાના બીજા દિવસે તેઓની કાયમ કરવાની તારીખ નિયત કરવામાં આવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

**૨૬. સિન્ડીકેટ તા.૨૩/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : ૦૨ ના મુદ્દા નં. ૫ અન્વયે સ્વનિર્ભર કોલેજોના ફી માળખા બાબતમાં સુધારો કરવા અંગે સમિતિની નિયુકતી કરવા અંગે વિચારણા કરતાં સિન્ડિકેટે તા.૧૨/૦૩/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૪ અન્વયે ફેકલ્ટી પ્રમાણે અલગ અલગ સમિતિની નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત.**

**<u>સિન્ડિકેટની તા.૧૨/૦૩/૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૪૪</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ તા.૨૩/૧૨/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : ૦૨ ના મુદ્દા નં. ૫ અન્વયે સ્વનિર્ભર કોલેજોના ફી માળખા બાબતમાં સુધારો કરવા અંગે ફેકલ્ટી પ્રમાણે અલગ અલગ સમિતિની નિયુકતી માટે બાબત આગામી સિન્ડિકેટમાં રજુ કરવી.**

(એકેડેમિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૨૭. **સિન્ડીકેટે તેની તા.૧૨/૦૩/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક ૮૧ અન્વયે B.Lisc ની ટયુશન ફી માં વધારો કરવા અંગે નીચે મુજબની ભલામણો પર ચર્ચા વિચારણા કરી ફેકલ્ટી પ્રમાણે ફી સુધારણા માટે સમિતિ નિયુકિત કરવા ઠરાવેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.**

**<u>લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની એડહોક (નિયૂકત) સમિતિની તા.૧૧/૧૨/૨૦૨૦ ની સભાની ભલામણ ક્રમાંક: ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલ B.Lisc ની ટોટલ ફી રૂા.૩૨૫૦/– છે. તેને વધારી રૂા.૫૦૦૦/– કરવા ભલામણ છે. (સેમેસ્ટર દીઠ)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮/૧૨/૨૦૨૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૫૯</u>**

:: B.Lisc ની ટયુશન ફી માં વધારો કરવા અંગે લાઈબ્રેરી સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિષયની એડહોક (નિયૂકત) સમિતિની તા.૧૧/૧૨/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે કરેલ સ્વીકારી નાણાંસમિતિને ભલામણ કરવામાં આવે છે.

**<u>નાણાંસમિતિની તા. ૦૬/૦૩/૨૦૨૧ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૯</u>**

:: B.Lib.Inf.Sci. ની કુલ ફી માં વધારો કરવા અંગે ચર્ચા વિચારણાં કરતાં, યુનિવર્સિટી પરિસરમાં ચાલતાં તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોની ફી નિર્ધારણ અંગે સમિતિ નિયુકત કરવા સિન્ડિકેટ સભાને ભલામણ કરવામાં આવે છે.

**<u>સિન્ડિકેટની તા. ૧૨/૦૩/૨૦૨૧ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૮૧</u>**

:: યુનિવર્સિટી પરિસર પરના તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે પણ ફેકલ્ટી પ્રમાણે ફી સુધારણા માટેની સમિતિ નિયુકિત કરવી.

(એકેડેમિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૨૮. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વહીવટી કર્મચારી મંડળના તા. ૦૧–૦૪–૨૦૨૧ના પત્રક્રમાંકઃજા. નં. ૦૧/૨૦૨૧–૨૦૨૨થી SECTION-4(1) PAYMENT OF GRATUITY ACT, 1972 માં દર્શાવ્યા અનુસાર તેમજ SECTION-4 મુજબ કોઈ પણ કર્મચારીની સતત પાંચ વર્ષની સેવા પૂરી થયા પછી તે કર્મચારીને ગ્રેજયુઈટી મળવાપાત્ર છે. પરંતુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં STATUTE-244 માં ઓછામાં ઓછા સાત વર્ષની સેવાનો ઉલ્લેખ કરેલ હોય, STATUTE-244 માં સુધારા કરવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાની કામગીરીનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૨૯. તા.:૨૦–૦૪–૨૦૨૧ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૩, ૪, ૫ અને ૬ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણ – પ્ર.વિ. અને બાં. સમિતિના ઠરાવ)

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.:૨૦–૦૪–૨૦૨૧ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૩, ૪, ૫ અને ૬નો પરિશિષ્ટઃ 'ચ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટઃ 'ચ')**

૩૦. તા.:૧૧–૦૫–૨૦૨૧ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૩ અને ૪ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણ – પ્ર.વિ. અને બાં. સમિતિના ઠરાવ)

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.:૧૧–૦૫–૨૦૨૧ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક : ૨, ૩ અને ૪ નો પરિશિષ્ટઃ ' છ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટઃ 'છ')**

૩૧. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો અને સંલગ્ન કોલેજોમાં કાર્યરત ટીચીંગ આસીસ્ટન્ટોના નામાભિધાન અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

નોંધઃ (૧) સિન્ડિકેટ તા. ૨૯/૦૬/૨૦૧૫ની સભાનાં ઠરાવ ક્રમાંક ૫૬ અન્વયે યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે ફરજ બજાવતાં ગેસ્ટ/એડહોક ફેકલ્ટીનું નામાભિધાન ટીચીંગ આસિસ્ટન્ટ કરી જુલાઈ ૨૦૧૫ થી માસિક મહેનતાણું રૂા. ૨૫,૦૦૦/– કરવા ઠરાવેલ છે.

(૨) સિન્ડિકેટ તા. ૨૯/૦૬/૨૦૧૫ સભાનાં ઠરાવ ક્રમાંક ૧૮ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આસીસ્ટન્ટ પ્રોફેસરો/લાઈબ્રેરીયન/ફીઝીકલ ઈન્સ્ટ્રકટરની નવી નિમણૂંકો યુ.જી.સી./સંલગ્ન કાઉન્સિલ/યુનિવર્સિટીના નિયમાનુસાર જ કરવી. જો આ પ્રકારના ઉમેદવારો ન મળે તો ૧૧ મહિનાના કોન્ટ્રાકટ પધ્ધતિથી તેઓની ટીચીંગ આસીસ્ટન્ટ/લાઈબ્રેરીયન આસીસ્ટન્ટ/ફીઝીકલ ઈન્સ્ટ્રકટર આસીસ્ટન્ટ તરીકે નિમણૂંક કરવી. જેનો ન્યૂનતમ માસિક રૂા. ૨૫,૦૦૦/– ફીક્ષ પગાર રાખવો તેમજ આવા ઉમેદવારોની નિમણૂંક યુનિવર્સિટીના નિયમાનુસારની પસંદગી સમિતિ દ્વારા જ કરવા ઠરાવેલ છે.

(૩) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૦૯/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક એસ(૧)/૫૨૭૮/૨૦૨૧ અન્વયે ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરને યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો અને સંલગ્ન કોલેજોના ટીચીંગ આસીસ્ટન્ટોનો અનુભવ અધ્યાપક સહાયકની ભરતી માટે ગણતરીમાં લેવા અંગે પત્ર પાઠવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાની કામગીરીનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૩૨. યુનિવર્સિટી સંલગ્ન જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી જી. એન. પંડયા કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ, ભેસ્તાન, સુરતમાં કાયમી આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં ડૉ. રૂપેશ એન. દવેનો છુટા કર્યા સામે વળતર (Compensation) અને અન્ય સંસ્થામા સમાવી લેવાની વિનંતી બાબતના તા.૦૫/૦૪/૨૦૨૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાની કામગીરીનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૩૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીની ICC (ઈન્ટર્નલ કમ્પ્લેઇન કમિટી)ના સભ્યો (૧) ડૉ.એન બી.પટેલ, (ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી) (૨) ડૉ.તરૂલતા છોવાલા, (ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી) (૩) શ્રીમતી પારૂલબેન પટેલ, (ટેકનિકલ આસિસ્ટન્ટ) અત્રેની કમિટી માંથી તેમની મુદત પૂર્ણ થવાથી તેમના સ્થાને માનનીય કુલપતિશ્રીના સૂચન મુજબની પસંદગી પ્રમાણે (૧) ડૉ.પ્રિતી ટંડેલ, (ડીપાર્ટમેન્ટ ઓફ મેથેમેટિક્સ) (૨) ડૉ.એમ. એન. ગાયકવાડ, (ડીપાર્ટમેન્ટ ઓફ સોશ્યોલોજી) (૩) શ્રીમતી.ઝરણાબેન પટેલ, (પર્ચેસ/ સ્ટોર સેલ) નો સમાવેશ થવા અંગેની નોંધ લેવા બાબત.

(ICC/ ડે–કેર વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીની ICC (ઈન્ટર્નલ કમ્પ્લેઇન કમિટી)ના સભ્યો (૧) ડૉ.એન બી.પટેલ, (ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી) (૨) ડૉ.તરૂલતા છોવાલા, (ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી) (૩) શ્રીમતી પારૂલબેન પટેલ, (ટેકનિકલ આસિસ્ટન્ટ) અત્રેની કમિટી માંથી તેમની મુદત પૂર્ણ થવાથી તેમના સ્થાને માનનીય કુલપતિશ્રીના સૂચન મુજબની પસંદગી પ્રમાણે (૧) ડૉ.પ્રિતી ટંડેલ, (ડીપાર્ટમેન્ટ ઓફ મેથેમેટિક્સ) (૨) ડૉ.એમ. એન. ગાયકવાડ, (ડીપાર્ટમેન્ટ ઓફ સોશ્યોલોજી) (૩) શ્રીમતી.ઝરણાબેન પટેલ, (પર્ચેસ/ સ્ટોર સેલ) નો સમાવેશ થવા અંગેની નોંધ લેવામાં આવે છે.**

૩૪. નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, સુરતના ટ્રસ્ટીશ્રીના તા.૦૯–૦૪–૨૦૨૧ના રેફરન્સ નં. એનવીટી/ એનએસી/ મહેકમ/ ૫૭થી જણાવ્યાનુસાર નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતનાં શૈક્ષણિક સ્ટાફની સિનીયોરીટી પ્રમાણે વારાફરતી ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવવા માટે પત્રથી જાણ કરેલ પરંતુ સદર કોલેજના તમામ શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા ઈન્ચાર્જ આચાર્યના કાર્યભાર માટે અસંમતિ દર્શાવેલ હોય, જે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાની કામગીરીનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૩૫. શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડના માનદ મંત્રીશ્રીના તા.૨૩–૦૪–૨૦૨૧ના રેફરન્સ નં. એનકેએમ/ ૧૩/ ૨૧–૨૨થી જણાવ્યાનુસાર શાહ કે. એમ. લો કોલેજમાં સરકારશ્રી દ્વારા બે એડહોક અધ્યાપકોની નિમણૂંક થઈ હોય જેઓનો અનુભવ ૧.૫ વર્ષ જેટલો છે જેથી તેઓને ઈન્ચાર્જ આચાર્યનો કાર્યભાર સોંપ્યો નથી અને સદર મંડળ સંચાલિત શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આર. બી. દેસાઈને શાહ કે. એમ. લો કોલેજનો ઈન્ચાર્જ આચાર્ય તરીકેનો કાર્યભાર સોંપવામાં આવેલ હોય જે અંગે વિચારણા કરવા બાબત.

**નોંધઃ** યુનિવર્સિટીના તા.૩૦/૦૩/૨૦૨૧ના ક્રમાંકઃ એસ(૧)/ પરિપત્ર/ ૪૬૧૬/ ૨૦૨૧ના પરિપત્ર મુજબ યુનિવર્સિટી સંલગ્ન અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને તેમની કોલેજના ટ્રસ્ટ દ્વારા સંચાલિત અન્ય અનુદાનિત કોલેજના ઈન્ચાર્જ આચાર્ય તરીકેની કામગીરી કરવા બહાલી આપવા અન્વયે સિન્ડિકેટની તા.૨૨/૦૩/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૦૫ મુજબ ઈન્ચાર્જ આચાર્ય તરીકેની કામગીરી કરવા ઓર્ડિનન્સ –૩૭ (ડી) મુજબ બહાલી આપી શકાશે નહી.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાની કામગીરીનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૩૬. સિન્ડિકેટની તા.૦૭–૦૧–૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક (૧૦૯) અન્વયે યુ.જી.સી. ના રેગ્યુલેશનનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે કરવા તથા નવા અભ્યાસક્રમ દીઠ રૂા.૧૦,૦૦,૦૦૦/– (રૂા. દસ લાખ પુરા) જમા કરાવવા કરેલ ઠરાવ અંતર્ગત યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૧–૦૨–૨૦૨૧ના પત્ર ક્રમાંક :પીજી(એસ)/એફીલીએશન /૨૪૦૭/૨૦૨૦–૨૧ થીસુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ(સ્મીમેર), સુરતમાં **શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન M.D.Psychiatry અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું મંજુર કરેલ નવા જોડાણની રૂા.**૧૦,૦૦,૦૦૦/– (રૂા. દસ લાખ પુરા)ની રાષ્ટ્રીયકૃત બેંકની ડીપોઝીટ કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને કોલેજની સંસ્થાના સંયુકત નામે બનાવી યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરવાની જાણ કરેલ હતી. સદર બાબતે સ્મીમેર કોલેજના ઈ.ચા.ડીનશ્રીએ તેના તા.૨૦–૦૩–૨૦૨૧ના પત્ર ક્રમાંક :સ્મીમેર/૪૩૮ **થી ભુતકાળમાં સિન્ડિકેટની તા.૨૧–૦૯/ ૧૩/૧૦/૨૦૧૧ની સભાનાં ઠરાવ ક્રમાંક (૫૪) અન્વયે ડીપોઝીટ જમા કરવા માંથી મુકિત આપેલ હતી.** જે અવલોકનમાં લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન **M.D.Psychiatry** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણની **ફીકસ ડીપોઝીટ જમા કરાવવામાંથી મુકિત આપવા કરેલ વિનંતીને માન.ઈ.ચા. કુલપતિશ્રીએ ગ્રાહય રાખેલ ન હતી.** જેથી સદર કોલેજને રૂા.૧૦,૦૦,૦૦૦/– (રૂા.દશ લાખ પુરા) ની ફીકસ ડીપોઝીટ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા અંગે યુનિવર્સિટી કાર્યાલયે તા.૦૩–૦૪ –૨૦૨૧ના પત્ર ક્રમાંક :પીજી(એસ)/એફીલીએશન/૪૬૦૭/૨૦૨૧ થી જાણ કરતા, **સ્મીમેર કોલેજના ઈ.ચા.ડીનશ્રીએ તા.૧૩/૧૫–૦૪–૨૦૨૧ના પત્ર ક્રમાંક : સ્મીમેર/૩૭૭ થી** સ્મીમેર કોલેજનું સંચાલન સુરત મહાનગર પાલિકાએ પોતાના સ્વભંડોળ એટલે કે સુરત મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં વસતા શહેરીજનોના ટેક્ષના નાણાં (પબ્લીક ફંડ) માંથી કરવામાં આવતો હોય,સમગ્ર વહીવટ ધી બીપીએમસી એકટ કલમ–૧૯૪૯ની જોગવાઈઓને આધીન કરવમાં આવે છે. જે લોકલ બોડી એટલે કે લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ / અર્ધસરકારી સંસ્થાનો દરજજો ધરાવે છે. સુરત મહાનગર પાલિકા એ સેમી–ગવર્નમેન્ટ સ્વાયત્ત સંસ્થા છે અને ભારતના બંધારણના અનુચ્છેદ–૧૨ મુજબ તે " રાજય" નો દરજજો ધરાવતી હોય, રાજય સરકારશ્રીના ગુજરાત સિવિલ રૂલ્સ મુજબ તમામ કર્મચારીઓને નિયત પગારધોરણ તથા આનુષાંગિક તમામ લાભો સહિત પગાર ચુકવવામાં આવે છે અને વખતો વખત કેન્દ્ર સરકારશ્રી અને રાજય સરકારશ્રીના પરિપત્રોનો અમલ સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવે છે. **સ્મીમેર કોલેજ એ સુરત મહાનગર પાલિકા સંચાલિત મેડીકલ કોલેજ છે. જેનો નિભાવણી ખર્ચ જાહેર જનતાનાટેક્ષના નાણાં માંથી કરી જાહેર જનતાની સેવા આપવાની કામગીરી કરવામાં આવે છે.** તથા સ્મીમેર કોલેજ શૈક્ષણિક વર્ષ ૧૯૯૯–૨૦૦૦ થી યુનિવર્સિટી સાથે એફીલીએટેડ છે અને યુનિવર્સિટીના વખતો વખતના ધારધોરણો તેમજ યુનિવર્સિટીના નિયમોને અનુસરે / પાલન કરે છે. જે અવલોકનમાં લઈ **ભૂતકાળમાં સિન્ડિકેટની તા.૨૧–૦૯/૧૩/ ૧૦/ ૨૦૧૧ની સભાનાં ઠરાવ ક્રમાંક (૫૪) અન્વયેવિવિધ અભ્યાસક્રમોના નવા જોડાણની ડીપોઝીટ જમા કરાવવા માંથી મુકિત આપેલ હતી. તે મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન M.D.Psychiatry અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમના નવા જોડાણ અંગેની ફીક્ષ ડીપોઝીટ જમા કરાવવાની જોગવાઈ માંથી મુકિત આપવા કરેલ પુન : વિનંતી પર વિચારણા કરવા બાબત....**

**<u>સિન્ડિકેટની તા.૨૧–૦૯/૧૩/૧૦/૨૦૧૧ની સભાના ઠરાવ ક્રમાંક (૫૪)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સુરત મ્યુ. ઈન્સ્ટી. ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, સુરતમાં ચાલતા તબીબી વિદ્યાશાખા અને વિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત અભ્યાસક્રમોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન અનુસ્નાતક ડીગ્રી / ડિપ્લોમાં અભ્યાસક્રમના નવા/ચાલુ જોડાણની માળખાગત શરત ક્રમાંક (૩૫) અન્વયે પ્રતિ અભ્યાસક્રમના રૂા.૨૦૦૦૦૦/– એફ.ડી. જમા કરાવવવાની હોય જે સંદર્ભમાં સદર કોલેજના તા.૨૩–૮–૨૦૧૧ના પત્ર ક્રમાંક : સ્મીમેર/૨૦૧૦થી કરેલ વિનંતીનો સ્વીકાર કરી એફ.ડી જમા કરાવવા માંથી મુકતી આપવી.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાની કામગીરીનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૩૭. યુનિવર્સિટીનો સને ૨૦૨૦–૨૧ના વર્ષનો ૫૫મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિયુકતી અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાની કામગીરીનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

૩૮. તા.૦૭–૦૫–૨૦૨૧ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૨, ૪, ૬, ૭ અને ૮ અંગે વિચારણા કરવા બાબત……

બિડાણ : નાણાં સમિતિની સભાની મીનીટ્સ/ભલામણ.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૭–૦૫–૨૦૨૧ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૪, ૬, ૭ અને ૮નો નો પરિશિષ્ટઃ 'જ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવામાં આવે છે.**

**નાણાં સમિતિના ઠરાવ નંબર : ૨ ની ભલામણનો સ્વીકાર કરી બેંક સાથે વધુ ભાવ/ઓફર માટે નેગોશીએશન માટે માનનીય કુલપતિશ્રીને સતા આપવી.**

**(પરિશિષ્ટઃ 'જ')**

૩૯. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના નવા/ચાલુ જોડાણની જોડાણ અરજીઓ અત્રેના કાર્યાલયને મળેલ છે. જે સંદર્ભે સ્થાનિક તપાસ સમિતિની કાર્યવાહી પૂર્ણ થયેથી શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૨ની પ્રવેશની કાર્યવાહી આગામી સમયમાં શરૂ કરવાની રહે છે. પરંતુ હાલની કોરોના મહામારીના સંક્રમણને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા સંક્રમણને અટકાવવા માટે વિવિધ પગલાંઓ લેવામાં આવેલ છે. આ સંજોગોમાં કોરોના મહામારીને લીધે ઉદ્ભવેલ અસામાન્ય પરિસ્થિતિમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના ચાલુ જોડાણ અંગે સ્થાનિક તપાસ સમિતિ (LIC) ની સ્થળ ઉપર રૂબરૂ મુલાકાતની જગ્યાએ ઓનલાઈન (LIC) કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સભાની કામગીરીનો સમય ધ્યાને લેતા સદર બાબત આગામી સિન્ડિકેટ સમક્ષ રજુ કરવી.**

**<u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>**

૪૦. સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી **(AAERT & THE SSB Faculty of Architecture)**, સુરતના આચાર્યશ્રીએ તા.૩૧–૦૩–૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ **SCET/AR/EXT/OUT/21/03/75** થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી **Master of Urban and Regional Planning** અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા અંગે **AICTE**માં તા.૦૩–૦૪–૨૦૨૧ સુધીમાં અરજી કરવાની હોય, **AICTE** માં અરજી કરવા માટે યુનિવર્સિટીના **No Objection Certificate** જરૂરી હોય, જે ઈસ્યુ કરવા કરેલ વિનંતી સંદર્ભે સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૨) અન્વયે સંસ્થાની સમયમર્યાદાની કામગીરીને ધ્યાનમાં લઈ **N.O.C.** આપવા અંગેના માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી (AAERT & THE SSB Faculty of Architecture), સુરતના આચાર્યશ્રીએ તા.૩૧–૦૩–૨૦૨૧ના પત્ર ક્રમાંકઃ SCET/AR/EXT/OUT/21/03/75 થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી Master of Urban and Regional Planning અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા અંગે AICTEમાં તા.૦૩–૦૪–૨૦૨૧ સુધીમાં અરજી કરવાની હોય, AICTE માં અરજી કરવા માટે યુનિવર્સિટીના No Objection Certificate જરૂરી હોય, જે ઈસ્યુ કરવા કરેલ વિનંતી સંદર્ભે સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૨) અન્વયે સંસ્થાની સમયમર્યાદાની કામગીરીને ધ્યાનમાં લઈ N.O.C. આપવા અંગેના માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવામાં આવે છે.**

૪૧. **અધ્યક્ષશ્રીનો આભારમાની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/૬૪૯૦/૨૦૨૧
તા.૧૮ – ૦૫ –૨૦૨૧

**-Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**